જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૩/૨૦૧૮ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૫ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૭૫/૧૮

**વસ્ત્રાપુરઃ** બ્રાયન ફીલીપ રોયા (ઉ.વ.૫૦) (રહે. સ્વાગત-૩ સાકાર સ્કુલ સામે ન્યુ સીજી.રોડ ચાંદખેડા) એ તા.૨૩/૦૩/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૬/૨૦૧૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) કેયુર.પી.શાહ શ્રી ડેવલપર્સના બિલ્ડર ઓફીસ-૪૨૭ સનરાઇઝ મોલ ચોથો માળ,માનસી ટાવરની બાજુમા વસ્ત્રાપુર (૨) અલ્પેશ રતીલાલ પટેલ (રહે. નિર્મિત રોયલ ઉમા પાર્ટી પ્લોટ સામે "એસ" મોલની પાછળ, વિસત ગાંધીનગર રોડ મોટેરા) (૩) તરૂણ ધનજીભાઇ પટેલ (રહે. સહયોગ એપાર્ટમેન્ટ કેશવનગર સુભાષબ્રીજ) (૪) રાજેશ તલસાનીયા (રહે. વિઠ્ઠલ એક્ઝોટીકા, ડી માર્ટ પાછળ વિસત ગાંધીનગર રોડ મોટેરા સાબરમતી) (૫) શ્રીમતી શિલ્પા અલ્પેશ પટેલ (રહે. નિર્મિત રોયલ ઉમા પાર્ટી પ્લોટ સામે "એસ" મોલ પાછળ વિસત ગાંધીનગર રોડ મોટેરા) એ ભેગા મળી વસ્ત્રાપુર માનસી ટાવરની બાજુમા સનરાઇઝ મોલ ચોથા માળ ખાતે પ્લોટોના વેચાણ સારૂ બ્રાયન ફીલીપ રોયા પાસેથી તથા સાહેદ પાસેથી બે પ્લોટોના રૂપિયા ૫૬,૨૦,૦૦૦/- મેળવી લઈ પ્લોટ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ વસ્ત્રાપુર પો.ઇ.શ્રી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૭૬/૧૮**

**નરોડાઃ** મીનાબહેન જયંતિભાઇ નાગર (ઉ.વ.૬૧) (રહે. શ્યામવિલા ગ્રીન હરિદર્શન ચાર રસ્તા નવા નરોડા) એ તા.૨૩/૦૩/૧૮ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે એક ઓટોરિક્ષામાં આવેલ ત્રણ અજાણ્યા પુરૂષો મીનાબહેનને રસ્તો બતાવવાનુ કહી નરોડા સ્વામીનારાયણ પાર્ક સામેથી રિક્ષામાં બેસાડી વાતોમા વ્યસ્ત રાખી મીનાબહેનની નજર ચુકવી સોનાની બુટ્ટી શેરો સાથેની કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની વીંટી કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, સોનાનો દોરોકિમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી મીનાબહેનને કૃષ્ણનગર બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૫૭૭/૧૮**

**સરખેજઃ** સાબેરાબાનુ વા/ઓ યુશુફશા જુમાશા ફકીર (ઉ.વ.૫૫) (રહે.યાસીન બાપુની ઓફીસ સામે કોયેશ સ્કુલ ની બાજુમા મકરબા સરખેજ) તા.૧૩/૦૨/૧૮ સાજના કલાક ૯/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૩/૧૮ કલાક ૧૧/૨૦ વાગે તેમનું મૃત્યુનિપજયું હતુ આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઈ કરશનભાઈ ચલાવે છે.

**પાંચમાં માળેથી પડી જતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૫૭૮/૧૮**

**ઘાટલોડીયાઃ** રામબહાદુર રામઅવધેશ ચૌહાણ (ઉ.વ.૩૫) (રહે. જયેન્દ્ર પંડિતનગર ન્યુ ક્લોથ માર્કેટ પાછળ રાયપુર) તા.૨૩/૦૩/૧૮ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સુરધારા સર્કલ પાસે મેપલ ટ્રી બિલ્ડીંગ ખાતે કામ કરતા સબંધીને મળવા ગયા હતા ત્યારે પાંચમાં માળેથી પગ લપસી જતા પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઇ રતાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૭૯/૧૮**

**રીવરફ્રંટ વેસ્ટઃ** સુરેશ મુન્નાભાઇ વાળોદરા(ઉ.વ.૧૫) (રહે.ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન કવાટર્સ, મીઠાખળી, એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૩/૧૮ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે એન.આઇ.ડી. પાછળના રીવરફ્રંટ વોક-વેના ભાગે રેમ્પ નંબર-૩ નજીક નદીના પાણીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.બારીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.